## જન્મદિને વધામણી



ચંદ્રકાન્ત વસંતલાલ ખરસાણી
જ્યોતિષી
મો. ૯૬૯૮૧ ૧૭૫૯૪



ડો. જયંત શ્રીમાળી
કન્વીનર, ગાંધીનગર તાલુકા ડોક્ટર સેલ
મો. ૯૮૨૫૫ ૩૦૨૯૧

# દરેક યુનિવર્સિટીની કોલેજીસમાં એનસીસી વિષય ફરજિયાત કરવા યુજીસીનો આદેશ

## હાલ દરેક રાજયમાં એનસીસી એક વિષય તરીકે નહી પરંતુ સ્વૈચ્છિક રીતે ચલાવવામાં આવે છે, પરંતુ હવે કૉલેજીસે કોર્સ દાખલ કરવો પડશે

ગાંધીનગર, તા. ૧૪

ભારત-પાકિસ્તાન વચ્ચેની તંગદિલીના કારણે તાજેતરમાં લોકોને આર્મી અને બીએસએફનું મહત્વ સમજાયું છે. આ સ્થિતિમાં હવે કોલેજ કાળથી જ વિદ્યાર્થીઓમાં ડિફેન્સ અંગેની જાણકારી અને લગાવ ઊભો થાય તે માટે કોલેજોમાં એનસીસી વિષય ફરજિયાત કરવાની તાકીદ યુજીસી દ્વારા દેશની તમામ યુનિવર્સિટીઓને કરવામાં આવી છે. જેના કારણે દરેક યુનિવર્સિટીઓ આગામી શૈક્ષણિક સત્રાથી એનસીસીનો વિષય ફરજિયાત દાખલ કરવો પડે તેવી સ્થિતિ ઊભી થઈ છે.

દેશની સરહદ પર ખડે પગે સુરક્ષા કરતાં જવાનોનો જુસ્સો અને તેમને મળતાં માન-સન્માનને લઈને દેશના અનેક યુવાનો આર્મીમાં ભરતી થવા માટે થનગની રહ્યા છે. જો કે, આ ઉભરો ક્ષણિક હોવાથી તેની અસર લાંબી રહેતી નથી. પરંતુ દેશના યુવાનોને અભ્યાસની સાથે જ દેશની સુરક્ષા અને સલામતી માટેના પાઠો શીખવવામાં આવે તો ભવિષ્યમાં યુવાનોમાં દેશદાઝ વધે તેમ છે. આ સ્થિતિમાં તાજેતરમાં એમએચઆરડી દ્વારા યુજીસીને આ મુદ્દે તાકીદ કરવામાં આવી હતી. જેના અનુસંધાન યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનને સૂચના આપવામાં આવી હતી. તાજેતરમાં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા દેશની તમામ યુનિવર્સિટીઓને પરિપત્ર મોકલીને એવી તાકીદ કરવામાં આવી હતી કે, હવે પછી કોલેજમાં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓને એનસીસીનો વિષય ફરજિયાત ભણાવવામાં આવે. અત્યાર સુધી દરેક રાજયમાં એનસીસી એક વિષય તરીકે નહી પરંતુ સ્વૈચ્છિક રીતે ચલાવવામાં આવે છે. સૂત્રો કહે છે ગુજરાતમાં હાલમાં અંદાજે ૩ લાખ વિદ્યાર્થીઓ એનસીસી સ્વૈચ્છિક રીતે જોડાયેલા છે. આ વિદ્યાર્થીઓને એનસીસીમાં ડિફેન્સ અંગેની તમામ જાણકારી અને અભ્યાસ કરાવવામાં આવે છે. જો કે, એનસીસીમાં વિદ્યાર્થીઓ જોડાવવું કે નહીં તે જાતે નક્કી કરવાનું હોય છે. યુજીસીના આદેશ પછી હવે આગામી શૈક્ષણિક સત્રથી આર્ટસ, કોમર્સ અને સાયન્સ સહિતના બ્રાન્ચોમાં કોલેજકક્ષાએ જ એનસીસીને એક વિષય તરીકે દાખલ કરી દેવામાં આવશે. ફાઉન્ડેશન કોર્સની સાથે હવે એનસીસીનો કોર્સ પણ વિદ્યાર્થીઓએ ફરજિયાત ભણવાનો રહેશે. નોંધનીય છે કે એનસીસી એટલે કે નેશનલ કેડેટ કોર્પમાં વિદ્યાર્થીઓને ડિફેન્સ અને આર્મી અને બીએસએફ કેવી રીતે કામગીરી કરે છે તેની જાણકારી મળી શકતી હોય છે. કોલેજ પૂર્ણ કર્યા બાદ આર્મી કે નેશનલ ડિફેન્સ સર્વિસમાં જવા ઈચ્છતાં વિદ્યાર્થીઓ માટે એનસીસી મહત્વનો ભાગ ભજવે છે. આગામી વર્ષથી હવે દરેક યુનિવર્સિટીઓએ એનસીસીનો વિષય દાખલ કરવો પડશે.

# ગાંધીનગર સુખડિયા સમાજ વિકાસ ટ્રસ્ટનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો





## સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરાયો અને તેજસ્વી વિદ્યાર્થીઓનો ઈનામોનું વિતરણ પણ કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૧૪

ડૉ. આંબેડકર હોલ, સેકટર-૧૨ ખાતે ગાંધીનગર સુખડિયા સમાજનો નવા વર્ષનો સ્નેહમિલન, સાંસ્કૃતિક અને તેજસ્વી વિદ્યાર્થીઓનો ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં સમાજના વડિલ હસમુખભાઈ-રાંધેજાવાળા તથા મુકુંદભાઈ સુખડિયા સે.૧૭વાળા દિપપ્રાગટ્ય અને પ્રાર્થના કરી કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ. ગાંધીનગર સુખડિયા સમાજ વિકાસ ટ્રસ્ટના દરેક ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારો, કારોબારી સભ્યો, ભાઈઓ-બહેનો અને બાળકો ખુબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સૌ પ્રથમ ગાંધીનગર સુખડિયા સમાજના બાળકો દ્વારા સુંદર મજાનો સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો, ત્યારબાદ સ્ટેજ પર ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી જગદીશભાઈ, પ્રમુખ - હસમુખભાઈ, મંત્રી - અલ્કેશભાઈ, ઉપપ્રમુખ- પ્રફુલ્લભાઈ, ખજાનચી કીર્તીભાઈ, સહયોગી દાતા તરીકે કૌશિકભાઈ સુખડિયા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં અતીથી વિશેષ તરીકે ડીસીબી બેન્કના મેનેજરો ખાસ હાજરી આપી હતી. સ્ટેજ ઉપર બિરાજેલ તમામ મહાનુભાવોએ વિક્રમ સંવત-૨૦૭૩નું વર્ષ લાભદાયી અને શુભદાયી નીવડે તેવી દરેકને શુભેચ્છાઓ પાઠવી હતી. વધુમાં, પ્રમુખ દ્વારા આજના બાળકોના વિચારો અને સ્ત્રી સશક્તિકરણની ખુબ જ સુંદર માહિતી આપી હતી. ડેવલપમેન્ટ ક્રેડીટ બેંકના મેનેજર દ્વારા પોતાની બેંકની અદ્યતન સુવિધાઓનો પુરેપુરો લાભ લેવા તથા ડીસીબી બેંકમાં જેનું ખાતું ન હોય તેમને ખાતું ખોલાવવા ખુબ જ ઉપયોગી માહિતી આપેલ હતી.

ત્યારબાદ વર્ષ-૨૦૧૬માં ઉત્તીર્ણ થયેલ સમાજના તેજસ્વી તારલાઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યા. ગાંધીનગર સુખડિયા સમાજને ગૌરવ અપાવનાર ધોરણ- ૧૨ (કોમર્સ) બોર્ડની પરીક્ષામાં ગાંધીનગર શહેરમાં બીજા નંબરે મેળવનાર કુ. રીયા પ્રકાશભાઈ સુખડિયાને ખુબ જ સન્માન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ.

આ સુંદર કાર્યક્રમનું સંચાલન મંત્રી અલ્કેશભાઈ સુખડિયા દ્વારા કરવામાં આવ્યું હતું અને છેલ્લે સૌનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

## ડાયરેક્ટ ❤ સે

ડરપોક હોય છે એ લોકો
જે ઓનલાઈન નથી થતા
સમય બગાડવા માટે પણ
જીગર જોઈએ, સાહેબ!

# ગુજ. યુનિ.ના કુલપતિની મુદત પાંચ વર્ષની કરવા કવાયત શરૂ

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત યુનિવર્સિટીના કુલપતિની સમયમર્યાદા આગામી ફેબ્રુઆરીમાં પૂરી થઈ રહી છે. કુલપતિની સમયમર્યાદા પાંચ વર્ષની થાય તો કુલપતિને હજુ બે વર્ષનો સમય મળી શકે તેમ છે. આ સ્થિતિમાં યુનિવર્સિટીના એક્ટમાં સુધારો કરવો પડે તેમ છે. હાલમાં એક્ટમાં સુધારો કરવા માટેની ભલામણ સરકારને કરી દેવામાં આવી હોવાની વિગતો બહાર આવી છે એવા સમાચાર એક અખબારો પ્રકાશિત કર્યા છે. અખબારે જણાવ્યું છે કે રાજયની દરેક યુનિવર્સિટીના કુલપતિઓની સમયમર્યાદા પાંચ વર્ષ કરવાની તૈયારી શરૂ કરવામાં આવી હતી. જો કે, આ અંગે હજુ શિક્ષણજગતમાં દ્વિધાભરી સ્થિતિ જોવા મળી રહી છે. નવી યુનિવર્સિટીઓ અસ્તિત્વમાં આવી તે પૈકી ચિલ્ડ્રન અને એજ્યુકેશન યુનિવર્સિટીઓના એક્ટમાં કુલપતિઓની સમયમર્યાદા પાંચ વર્ષ કરી દેવામાં આવી છે.

# લિટરેચર ફેસ્ટિવલમાં પિયુષ મિશ્રા ખીલ્યા

## પહેલાં કવિતાઓ રજૂ કરી, શ્રોતાઓના પ્રશ્નોના ઉત્તરો આપ્યા અને પછી રાજકારણના પાટા પર વાતની ગાડી ચડાવી દીધી

ગાંધીનગર, તા. ૧૪

છેલ્લા બે દિવસથી એએમએ ખાતે ચાલતાં અમદાવાદ ઈન્ટરનેશનલ લિટરેચર ફેસ્ટિવલના બીજા દિવસની શરૂઆત જાણીતા લેખક, કવિ, નાટ્યકાર અને ફિલ્મી કલાકાર પીયૂષ મિશ્રાની સાથે ચર્ચા સાથે થઈ. જેમાં તેમણે પોતાની કવિતાઓ રજૂ કરવાની સાથે તેમના પ્રશંસકોના સવાલોના ખુલીને જવાબ આપ્યા, અને જવાબો આપતા ભાવુક પણ થયા. તેમની આ ચર્ચા બાદ થયેલી ખાસ વાતચીતમાં તેમણે કહ્યું કે, '૫૦૦-૧૦૦૦ની નોટ પરનો બેન થોડો ઉતાવળો નિર્ણય થઈ ગયો. એમની પાસે કોઈ આયોજન જ નહોતું, મોદી સાહેબના કેટલાક પગલાં મને ગમેલાં, પણ આ પગલું થોડું બાલિશ લાગ્યું. યોગ્ય સમયમર્યાદામાં નિખાલસતાથી પોતાની ભૂલ સ્વીકારીને નિર્ણય પાછો ખેંચી લેવો જોઈએ. કારણ કે લોકમાનસ એનાથી દુઃખી છે. મિશ્રાએ કહ્યું કે, આ બાબતનો કોઈ અન્ય રીતે આયોજન કરીને અમલ કરવો જોઈએ. કારણ કે કોઈ માએ પોતાની દીકરી માટે કે, પોતાનું ઘર બનાવવા માટે પૈસા બચાવ્યા છે, તો તમે એને કાળું નાણું ન જ કહી શકો. તેના હકારાત્મક પરિણામ નહિ મળે. તેથી આ અપરિપક્વ કહી શકાય એવા નિર્ણયને કોઈ ખચકાટ વિના પાછો ખેંચી લેવો જોઈએ અને શાંતિથી પોતાની ભૂલ સ્વીકારી લેવી જોઈએ.' જ્યારે આજની રાજકીય સ્થિતિ વિશે પોતાનું મંતવ્ય રજૂ કરતાં તેમણે કહ્યું કે, 'બે વર્ષ પહેલા તો એવી સ્થિતિ હતી કે, લાગતું કે આ કોંગ્રેસે દેશ સાથે કર્યું છે શું? આ દેશને થયુ છે શું? દેશમાં અસહિષ્ણુતાની કોઈ ચરમસીમા હોય તો એ ૨૬-૧૧નો હુમલો હતો. એક પણ મુંબઈવાસીએ ટેક્સ નહોતો ચુકવવો જોઈતો. તમે જો અમને સુરક્ષા ન આપી શકો તો અમે ટેક્સ કેમ આપીએ? તો તમે કઈ અસહિષ્ણુતાની વાત કરો છો? બીજી વસ્તુ એ છે કે, લોકો પાસે વિકલ્પ જ ક્યાં છે, મોદીને નહિ ચૂંટે તો શું રાહુલ ગાંધીને ચૂંટે? એણે તો ઘરમાંથી બહાર જ ન નીકળવું જોઈએ. એને કોઈ પ્રધાનમંત્રી પદનો ઉમેદવાર કઈ રીતે કહી શકે? વૈશ્વિક સ્તરે રાજકીય સ્તર નીચુ જઈ રહ્યું છે, ડોનાલ્ડ ટ્રમ્પને કોઈ કેવી રીતે અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે કેવી રીતે સ્વીકારી શકે/ હસવું, મજાક કરવી કે પરેશાન થવું એ જ નથી સમજાતું.' તેઓ જે પ્રકારની સ્થિતિથી પરેશાન થઈને પોતાની કવિતાઓમાં ભાવના ઉતારે છે, તે બાબતે પીયૂષ મિશ્રાએ કહ્યું કે, 'લોકો હાલ ઈસ્લામિક આતંકવાદથી એટલા દુઃખી છે કે, આ જે વિચારધારા બની રહી છે તેને તમે રાઈટવિંગ કે લેફ્ટવિંગ કશુ જ ન કહી શકો. લોકો દહેશતના માહોલમાં છે, પરેશાન છે. ટ્રમ્પ કહે છે કે, મારા દેશમાં મુસ્લિમોને નહિ રહેવા દઉં, એ ખરાબ બોલે છે, ગંદી વાત છે. મારા મુસ્લિમ મિત્રો પણ માને છે કે, દરેક આતંકવાદી મુસ્લિમ છે, અને આતંકવાદથી દુનિયાના લોકો ડરેલા છે. પરંતુ આજે મુસ્લિમ મિત્રો પણ આ બાબતથી તકલીફમાં છે. આપણે જેને જવાબદાર માનીએ છીએ એ પાકિસ્તાન પણ આતંકવાદથી પરેશાન છે.

# શ્રી વૈભવ લક્ષ્મી મંદિરે છપ્પન ભોગનો અન્નકૂટ



થલતેજ ખાતે આવેલા શ્રી પંચદેવ મંદિર ધાર્મિક ટ્રસ્ટ દ્વારા સંચાલિત શ્રી વૈભવ લક્ષ્મી મંદિર ખાતે દેવદિવાળી નિમિત્તે છપ્પન ભોગનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. આ મંદિર ખાતે છેલ્લા ૧૭ વર્ષથી દેવદિવાળીના દિવસે શ્રી વૈભવ લક્ષ્મી માતાજીને છપ્પન ભોગનો અન્નકુટ ધરાવવામાં આવે છે. આ પ્રસંગે ભાવિક ભક્તો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. મદિરના પૂજારીએ દેવદિવાળીના દિવસે શ્રી વૈભવ લક્ષ્મી માતાજીને છપ્પન ભોગનો અન્નકુટ ધરાવવાના મહાત્મયની જાણકીર આપતા જણાવ્યું હતું કે, સમુદ્રમંથન વખતે તેમાંથીવૈભવલક્ષ્મી, અધિલમક્ષ્મી, વિજયાલક્ષ્મી, ધાન્યલક્ષ્મી, ગજલક્ષ્મી, સંતાનલક્ષ્મી, વિરલક્ષ્મી અને ઐશ્વર્યલક્ષ્મી એમ અષ્ટલક્ષ્મી પ્રગટ થયા હતા. આ અષ્ટલક્ષ્મીની કૃપા પ્રાપ્ત કરવા દેવો અને દાનવોએ વિવિધ ફળફળાદિ અને પકવાનોનો નૈવેધ ધરાવ્યો હતો. ત્યારથી સમગ્ર દેશમાં દેવદિવાળીના દિવસે લક્ષ્મીજીના વિવિધ મંદિરોમાં છપ્પન ભોગનો અન્નકુટ ધરાવવામાં આવે છે.

# પરપોટાની નજાકતના સૌંદર્યની મોજ એટલે ગઝલ




pulak63@gmail.com

જ્યારે કલા, કલા નહિં જીવન બની જશે,મારું કવન જગતનું નિવેદન બની જશે...

ગાંધીનગર સાહિત્ય સભા અને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા શાયર 'મરીઝ'ની શતાબ્દી વંદના ખૂબ યથાર્થ સમયમાં શહેરમાં યોજાઈ. યથાર્થ શબ્દ એટલે પ્રયોજ્યો કે ૪૮-૩૬ કલાકથી લોકો પૈસાની પળોજણમાં એવાં પડ્યાં હતાં કે જીવનના સાચા અર્થ અને મોજને વિસરી ગયાં હતાં. ત્યારે આ કાર્યક્રમ મનની મોજથી ભર્યો ભર્યો લાગ્યો. જુની નોટ બદલાવવી, નવા કેટલાં રૂપિયા મળશે, બેન્કના ખાતામાં કેટલાં રૂપિયા જમા કરાવ્યા વગેરે વગેરે વાતોના વમળમાં આખું શહેર અને દેશ છેલ્લા બે દિવસથી ચકરાવે ચઢ્યાં હતાં. એમાં આજે સવારનો સૂરજ અબ્બાસ અબ્દુલ અલી વાસી – મરીઝના શબ્દોની સુવાસ લઈને ઉગ્યો. મન પ્રફુલ્લિત થઈ ગયું.

'મરીઝ'ની જ્યારે વાત આવે ત્યારે સહજ રીતે મિસ્કીન યાદ આવે. ૨૦૦૯ના સપ્ટેમ્બર મહિનામાં 'સમગ્ર મરીઝ' પુસ્તકનું સંપાદન રાજેશભાઈ વ્યાસ, મિસ્કિને કર્યું. લગભગ ૪૦૦ પાનામાં પથરાયેલા 'મરીઝ'ના જીવનના વિવિધ પાસાને અદભુત રીતે 'મિસ્કીન' સાહેબે 'સમગ્ર મરીઝ'માં ઉજાગર કર્યા. યોગાનુયોગ મરીઝની શતાબ્દિ વંદના નિમિત્તે ગાંધીનગર શહેરમાં કવિશ્રી રાજેશભાઈ વ્યાસ – મિસ્કીને 'મરીઝ'ના એક અદભુત પાસાને ઉઘાડ આપ્યો. 'મરીઝનું ઘર' કેવું હોય...! એ સંદર્ભમાં મજાના તથ્યો અને શબ્દોનું સમાયોજન કરાયું. મરીઝની ગઝલોમાં તેમનું ઘર ક્યારેક પ્રિયતમાનું ઘર તો ક્યારેક શરાબીનું ઘર, દુશ્મનનું ઘર તો ક્યારેક દોસ્તનું ઘર, પ્રેમનું ઘર તો ક્યારેક દર્દનું ઘર, પત્નીનું ઘર તો ક્યારેક વિષાદનું ઘર એવા અલગ અલગ પાસાઓથી મરીઝના ઘરને મૂલવવાની મોઝ આવી. આમ તો મરીઝ એટલે 'સુરાલય' અને 'ઘર' આ બેની વચ્ચે વિસ્તરેલું કલ્પનામય સમગ્ર જીવન. મિસ્કીને એક વાત સરસ કરી કે, શાયરને સમજવા માટે સજ્જતા કેળવવી પડે. કંઈક કેટકેટલી વેદનાઓ, સંવેદનાઓ, સ્પંદનો અને સ્પર્શોમાંથી પસાર થાય ત્યારે શેર બને અને સચ્ચાઈ અને અચ્છાઈના આઈનામાં સ્પષ્ટ ચિત્ર ઉપસે ત્યારે શાયરનો શેર સાશ્વત બની આકર્ષે.

'સમગ્ર મરીઝ' પુસ્તકનું સંપાદન કાર્ય સંપન્ન થયા બાદ રાજેશભાઈ 'મરીઝ' સાહેબના પુત્ર મોહસીનભાઈ વાસી જોડે બેઠા. આ પુસ્તક કોને અર્પણ કરવું એ સંદર્ભમાં ચર્ચા ચાલી ત્યારે બન્ને જણાનો સૂર એક વ્યક્તિ પર આવીને અટકી ગયો. મરહુમ સોનાબહેન અબ્બાસ વાસી... 'મરીઝ'ના ધર્મપત્ની. એટલું જ નહીં આ બન્ને જણાના માનસપટ ઉપર મરીઝ સાહેબના નિમ્ન લિખિત શેર છવાઈ ગયો.

એમ ઉંચકી લીધું છે મારું ઘર,
ભાર દરિયાનો એક મોતી પર
—મરીઝ

આ શેર 'સમગ્ર મરીઝ' પુસ્તકના અર્પણ પાન ઉપર સોહે છે.

શબ્દ અને સમજ એ કોઈ પણ શિક્ષણને અથવા ડિગ્રીઓને મોહતાજ હોતી નથી. સત્ય અને સત્વની ઐશ્વરીય તાકાત સર્જનનો પ્રાણ હોય છે. 'મરીઝ'ના ચીરસ્મરણીય સર્જન 'આગમન'ની ત્રીજી આવૃત્તિ વેળા મરીઝે એમના જીવન વિષે જે વાત લખી છે. એ અક્ષરશઃ સમજવા જેવી છે.

મરીઝે લખ્યું છે કે, 'ગઝલના ક્ષેત્રમાં હું મહામહેનતે ગોઠવાયો છું. એક તો ઓછું ભણેલો, ભાષા વ્યાકરણ અને જોડણીનું ખાસ જ્ઞાન નહીં માત્ર ઊર્મિ, સંવેદન, અનુભૂતિ અને અવલોકનના બળ પર ગઝલોનું મેં સર્જન કરેલું છે અને તે તમારી સન્મુખ હાજર છે. સરળ કાફિયા, રદીફ અને વજનનો મેં શરૂઆતથી જ આગ્રહ રાખેલો છે. એ જ પ્રમાણે ગઝલ જેનો ભાર ઊંચકી શકે એવા યોગ્ય શબ્દોનો ઉપયોગ કરવો મેં હંમેશા જરૂરી માન્યું છે...'

કાવ્ય કલા વિશે ગમે તેટલું લખો પણ કવિતા સ્વયં સમજથી પર બાબત છે. એ એક અનુભૂતિની બાબત છે. 'મરીઝ' સાહેબે એક મત્લામાં આ વાતને સરસ રીતે ઉજાગર કરે છે.

હવે ગમે તે કહે કોઈ આ હૂનર બાબત, કહી રહ્યો છું હું મારી સમજથી પર બાબત.

ડો. નીતિન વડગામા. વ્યવસાયે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના જાગતા પ્રાધ્યાપક પણ સાચી ઓળખ ગુજરાતી સાહિત્ય જગતનું સન્માનીય નામ, 'મરીઝ'ના જુદા જુદા પાસાને આ સર્જકે ઉંડાણથી સમજ્યા છે. ડૉ. નીતિનભાઈએ ગઝલ સર્જન માટે કહે છે કે, ગઝલ જ્યારે લખાય છે ત્યારે એ દિલથી લખાય છે. પીડા, આનંદ, ઉષ્માથી લખાય છે અને એટલે જ ગઝલ ગમે છે. ગઝલમાં વિચારનું સૌંદર્ય હોય છે અને અજવાળું પણ હોય છે. સરળતા, વેધકતા અને વક્તા 'મરીઝ'ની ગઝલની વિશેષતા છે. મદીરા, વ્યંગ, કટાક્ષ, મય, વિનોદ વગેરે ચિંતનનું ઊંડાણ 'મરીઝ'ના શબ્દે શબ્દમાં જોવા મળે છે. 'મરીઝ'ના શેર ટપકાવવા ગમે, લાંબો સમય મમળાવવાની ઈચ્છા થાય... એવું કેમ? મરીઝના શેર સ્પર્શે અને આકર્ષે કારણકે એ શાશ્વત અને સનાતન સત્યને પ્રસ્તુત કરે છે.

જીવનના દર્શનને અને જીવનના પરામર્શને વિચારોના સંદર્ભથી 'મરીઝ'ના શેર દીર્ઘાયુ બનાવે છે. પ્રેમની ત્રિજ્યાની બહાર નીકળીને પ્રકૃતિનું ચિંતન પણ મરીઝે અદ્ભૂત કરાવ્યું છે. જિંદગીના હજારો વિભાગ છે અને હજારો લિબાસ છે. જિંદગી પરપોટા જેવી છે અને પરપોટાની ક્ષણભંગુરતા મુજબ જીવનની ક્ષણભંગુરતા ક્યારે ફૂટે અને શ્વાસનો દોર ક્યારે તૂટે એના ડર કરતાં પરપોટાની નજાકત અને એના સૌંદર્યને માણી લેવી જોઈએ. ભરપૂર મોજ કરી લેવી જોઈએ. એવી જાનદાર ફિલોસોફી 'મરીઝ'ના શેરના શબ્દોમાંથી ટપકે છે. વ્યક્તિત્વ 'આગવું' હોવું જોઈએ... 'અકબંધ' હોવું જોઈએ... 'મરીઝ'નું વ્યક્તિત્વ એવું અનોખું અને આગવો સંદેશો આપતું છે. કોઈની આભામાં સ્વયંનું વ્યક્તિવ ઓગળવું ન જોઈએ. જાત, જગત અને જીવન વિશેનું ચિંતન 'મરીઝે' એના ગઝલોના શેરમાં ઉતાર્યું છે.

સાહિત્યકાર અને ગઝલકાર એસ. એસ. રાહીએ 'મરીઝ'ની ગઝલોમાં પકડાયેલા 'મુસલ્સલ' ભાવને ઉજાગર કર્યો. ગઝલના ભાવ, વિચાર, ઊર્મિ કે વિષયનું સાતત્ય જાળવતી ગઝલ એટલે 'મુસલ્સલ' ગઝલ. શેર એક બીજા સાથે અનુસંધાન ધરાવતા હોવાથી 'મુસલ્સલ' ગઝલ અથવા સળંગ ગઝલ કહી શકાય 'નઝમ્નુમા' ગઝલથી 'મુસલ્સલ' ગઝલ નોખી પડે છે. એક પ્રસંગ કથા કિસ્સો કે ઘટનાને વર્ણવતી ગઝલને 'નઝમ્નુમા' ગઝલ કહેવાય જ્યારે 'નઝમ્નુમા' ગઝલને વર્ણાત્મક ગઝલ જેવી સંજ્ઞા પણ આપી શકાય. મરીઝના ત્રણ સર્જન તેમના વાચકોમાં અપ્રતિમ ચાહના ધરાવે છે. ૧૯૬૮મા આવેલો સંગ્રહ 'આગમન', નકશા (૧૯૮૫) અને દર્દ (૨૦૦૯) પ્રકાશિત થયા. 'મરીઝે' આગમનમાં ૧૩૮ ગઝલો, નકશામાં ૧૭૮ ગઝલો, અને દર્દમાં ૪૨ ગઝલો રજૂ કરી. 'મરીઝ'ની કુલ ૨૫૮ ગઝલોમાં કેટલીક ગઝલો મુકદ્દશ 'નઝમનુમા' ગઝલો તથા 'મુસલ્સલ' ગઝલોનો સમાવેશ થાય છે. રાહીજીના મંતવ્ય અનુસાર મરીઝે રચેલી ગઝલોમાં 'મુસલ્સલ' ગઝલોનો આંકડો ૧૮ જેટલો થાય છે.

મરીઝ તેની ગઝલોમાં એકનો એક કાફીયા જુદી જુદી રીતે બે ત્રણ વાર પ્રયોજે છે ત્યારે એમ થાય કે, કદાચ એક જ કાફિયા ઉપર બે ત્રણ સારા શેર લખીને તેમાં પસંદ કરીને એ ગઝલમાં મૂકતા હશે. સમગ્ર મરીઝમાં મિસ્કીન સાહેબે આ વાતને સ્પષ્ટ કરતાં મરીઝના નીચે મુજબના શેર પ્રસ્તુત કર્યા છે.

કોઈ કલા સ્વરૂપે જગતથી જૂદા બનો,નકશા બનો, કવિતા બનો, વાર્તા બનો, દુનિયાનું આખું ક્ષેત્ર એ સાહિત્ય ક્ષેત્ર છે, એમાં કોઈ કવિતા બનો, વાર્તા બનો. હો ઉપકરણ અનેકના એની જરૂર નથી, બે-ત્રણ પ્રસંગ ગુંથી સળંગ વાર્તા બનો.

જાણીતા કવિ, લેખક અને વકતા શ્રી ભાગ્યેશ જહાએ ગુજરાતી ભાષા અને ગુજરાતી સાહિત્યની સેવા કરતાં યુવા સર્જકોની સર્જન શક્તિને સુપેરે પોંખી છે. ગુજરાતનું સૌભાગ્ય છે કે, કવિ શ્રી ભાગ્યેશ જહા જેવા સાહિત્યકારો નવસર્જકોની પડખે રહીને ગુજરાતી સાહિત્યને જીવંત રાખવાના સંનિષ્ઠ પ્રયાસો અવિરત કરતા રહે છે.

ગાંધીનગર શહેર ગુજરાતી ભાષાના ગૌરવને બરકરાર રાખતા શહેર તરીકે એની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી રહ્યું છે. સાહિત્યસભા જેવી સંસ્થાઓ અને શ્રી ભરત કવિ, સંજય થોરાત, કિશોર જીકાદરા જેવા તેના જાગૃત સભ્યોને કારણે પાટનગરમાં ગુજરાતી ભાષા અને તેની વિચાર યાત્રાની સુગંધ સૌરભ ચારેકોર ફેલાઈ રહી છે.

અંતમાં, મરીઝની શતાબ્દિ વંદના પ્રસંગે મરીઝના કેટલાક યાદગાર શેર ટપકાવવાની લાલચ રોકી શકતો નથી.

- એ સૌથી વધુ ઉચ્ચ તબક્કો છે મિલનનો, કહેવાનું ઘણું હો, ને કશું યાદ ન આવે.
- જિંદગીના રસને પીવામાં કરો જલદી મરીઝ એક તો ઓછી મદિરા છે, ને ગળતું જામ છે.
- ઝાહિદ મને રહેવા દે, તબાહીભર્યા ઘરમાં, મસ્જિદથી વધારે અહીં, આવે છે ખુદા યાદ.
- ન માંગ એની પાસે ગમથી વધુ જીવન, એક પણ એ એવી દેશે —વિતાવી નહીં શકે.
- મુઝ પર સિતમ કરી ગયા, મારી ગઝલના શેર
- વાંચીને એ રહે છે, બીજાના ખ્યાલમાં.
- મરીઝ ગાળીને એમાં જ પી રહ્યા છો શરાબ, કદી ન પીવાની વાળી'તી જે રૂમાલમાં ગાંઠ.
- લાગણી જેમાં નથી, દર્દ નથી, પ્યાર નથી, એવા દિલને કોઈ ઈચ્છાઓ અધિકાર નથી.
- અલ્લાહ મને આપ, ફકીરીની એ હાલત, કે કોઈ ન સમજે, આ સુખી છે કે દુઃખી છે.
- બસ એટલી સમજ મને પરવરદિગાર દે, સુખ જ્યારે જ્યાં મળે ત્યાં બધાના વિચાર દે.

'મરીઝ' ક્યારેય મરતા નથી, 'મરીઝ' તો એના માયાળુ વિચારો અને શબ્દોના મુલાયમ સ્પર્શથી સનાતન કાળ સુધી હૃદય મહારાજાની જેમ વિરાજતા રહે છે. મરીઝના સ્થુળ શરીરને અલવિદા હોઈ શકે, મરીઝની કલ્પાનાઓ, વિચારો અને શબ્દો ગુજરાતી ગઝલ વિશ્વમાં સદીઓ સુધી પડઘાયા કરશે.